| | | |
|---|---|---|
| MGVCL | **મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,**<br>**સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.**<br>**CIN :U40102GJ2003SGC042907**<br>ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪<br>ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦<br>ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com<br>ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com | G20 भारत 2023 INDIA |


## ❖ ઘરવપરાશ નાં વીજ જોડાણો :

## ❖ કુટિર જયોતિ યોજનાના હેઠળ ઘરવપરાશ નાં વીજજોડાણ અંગેની રૂપરેખા

રાજ્યના ગરીબ તેમજ બીપીએલ લાભાર્થીઓના ઉત્કર્ષ માટે ઘર વપરાશના વીજજોડાણો વીના મુલ્યે રાજ્ય સરકારશ્રી ધ્વારા આદિજાતી વિસ્તાર અંતર્ગત કુટીરજ્યોત યોજના અંતર્ગત આપવવામાં આવે છે.

જે અન્વયે અરજદારશ્રીઓ દ્વારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે;

૧ આદિજાતિ પેટા યોજના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રાજયના આદિજાતિ વિસ્તાર માટે રાજય સરકાર પુરસ્કૃત કુટિર જયોતિ યોજના અમલમાં છે. સદર યોજના માટે સરકાર તરફથી સો ટકા ગ્રાન્ટની ફાળવણી કરવામા આવે છે.

૨. જે અંતર્ગત આદિજાતિના ગરીબ લાભાર્થીઓ કે જેઓની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૧,૨૦,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર માટે અને રૂા. ૧,૫૦,૦૦૦/- શહેરી વિસ્તારમાં હોય અથવા બીપીએલ યાદીમા સમાવિષ્ટ હોય તેવા લાભાર્થીઓનો આ યોજનામાં સમાવશે કરવામાં આવે છે.

૩. લાભાર્થીઓની યાદી સબંધિત પ્રાયોજના અધિકારીશ્રી તરફથી સંલગ્ન પેટા વીજ વિતરણ કંપનીઓને ઉપલબ્ધ કરવામા આવે છે.

૪. જેઓના રહેણાંક હયાત એલ.ટી.લાઇનથી ૧૦૦ મીટરની અંદર હોય તેવા લાભાર્થીઓનો અગાઉ સમાવેશ કરવામાં આવતો,પરંતુ હવે છુટાછવાયા વિસ્તારોના લાભાર્થીઓને પણ સદર યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

૫. આ યોજના અંતર્ગત લાભાર્થીએ વીજજોડાણ પેટે કોઇ રકમ ભરવાની રહેતી નથી.

૬. લાભાર્થી ને એક પોઇન્ટ વાયરીંગ અને સીએફએલ સાથે વીજજોડાણ આપવામાં આવે છે. જેમાં વીજજોડાણ આપ્યા બાદ ધારાધોરણ પ્રમાણે વીજબીલ લાભાર્થીએ ભરવાનું રહે છે.